# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2026** **Midday : 2.30 to 2.35pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# SANSKRUT MAHAVIDHYALAY INAGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં સાંબરકાઠાના મુડેટી ખાતે ભગવાન યાજ્ઞવલ્ક્ય વેદ સંસ્કૃત મહાવિદ્યાલયના "નૂતન સંકુલ"નો ત્રિ-દિવસીય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.શારદાપીઠાધીશ્વર સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજની ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આ સંસ્કૃત મહાવિદ્યાલય માત્ર સંસ્થા નહીં, પરંતુ સનાતન જ્ઞાન અને વૈદિક પરંપરાને ઉજાગર કરતું પવિત્ર 'ચેતના કેન્દ્ર' બનશે.સંસ્કૃત મહાવિદ્યાલયથી પ્રાપ્ત થતું જ્ઞાન અને મૂલ્યો વિદ્યાર્થીઓને માત્ર શાસ્ત્રજ્ઞાની જ નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણના સબળ સંવાહક બનાવશે.

# RTE ADMISSION OPENS

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પહેલા ધોરણમાં મફત પ્રવેશ માટેની ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. પ્રવેશ માટેના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 17 એપ્રિલ 2026 છે.

પ્રવેશ માટે સત્તાવાર વેબસાઈટ rte.orpgujarat.com પરથી ઓનલાઈન અરજી કરી શકાશે. જે બાળકની ઉંમર પહેલી જૂન 2026 ના રોજ 6 વર્ષ પૂર્ણ થયેલ હોય તે જ પ્રવેશ મેળવી શકશે..પ્રવેશ માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા 6 લાખ રૂપિયા સુધી નક્કી કરવામાં આવી છે.

બાળક અને વાલીનું આધારકાર્ડ, જન્મનો દાખલો, રહેઠાણનો પુરાવો (ભાડાકરાર કે લાઈટ બિલ), આવકનો દાખલો અને જાતિનું પ્રમાણપત્ર તૈયાર રાખવા વાલીઓને સૂચના આપવામાં આવી છે.

આ વર્ષે રાજ્યભરમાં અંદાજે ૮૪,૦૦૦ થી વધુ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. વાલીઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે કોઈપણ એજન્ટ કે લેભાગુ તત્વોના સંપર્કમાં ન આવવું, કારણ કે આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન અને નિઃશુલ્ક છે. જેમાં આ વર્ષે અગ્રતાક્રમ મુજબ, અનાથ બાળક, સંભાળ-સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક, બાલગૃહના બાળકો, બાળમજૂર-સ્થાનાંતરીત મજૂરના બાળકો, મંદબુદ્ધિ-સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો-શારીરિક રીતે વિકલાંગ બાળકો, એન્ટિ-

રેટ્રોવાયરલ થેરેપી સારવાર લેતા બાળકો, શહીદ થયેલ લશ્કરી-પોલીસદળના જવાનોના બાળકો, માતા-પિતાને સંતાનમાં એક જ દીકરી હોય તેવું બાળક, એસી-એસટી, એઈબીસી-જનરલ સહિતના બીપીએલ કુટુંબના બાળકો, એસસી-એસટી કેટેગરીના બાળકો, એસઈબીસી-ઈડબલ્યુએસ-વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો, રાજ્ય સરકારની આંગણવાડીના બાળકો અને સામાન્ય કેટેગરી (બિનઅનામત)ના બાળકોનો સમાવેશ થાય છે.

# Bhavnagar Hospital

ભાવનગર સર તખ્તસિંહજી હોસ્પિટલની મેડીસીન, સર્જરી અને ઓર્થોપેડિક્સ વિભાગની ઓ.પી.ડી. તારીખ ૬ એપ્રિલથી PMSSY સુપર સ્પેશિયાલિટી વિભાગ ખાતે કાર્યરત કરવામાં આવશે.

દર્દીઓની સુવિધા અને વધુ સારી સારવાર માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હોસ્પિટલ પરિસરમાં વ્યવસ્થા જળવાઈ રહે અને દરેક દર્દીને પૂરતો સમય તેમજ યોગ્ય સારવાર મળી રહે તે હેતુથી એક દર્દીની સાથે એક જ વ્યક્તિને સાથે રહેવાનું રહેશે.

# MAHISAGAR FOREST FIRE

મહીસાગર જીલ્લા ના વીરપુર તાલુકા ના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા જંગલ માં આગ લાગી હતી ગામ લોકો દ્વારા વન વિભાગ ને જાણ કરાતા વન વિભાગ દ્વારા ઘટના સ્થળે જઈ આગ પર કાબુ મેળવ્યો હતો આગથી વનરાજી નષ્ટ થઇ હતી.. વન વિભાગ દ્વારા આગ લાગવાની તપાસ થઇ રહી છે.

સાંભળીએ એક અહેવાલ

વોઇસ કાસ્ટ – કૌશિક જોષી

# WEATHER

રાજ્ય પર વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થયું હોવાને કારણે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આજે અમરેલી ભાવનગર ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 7 એપ્રિલના દ્વારકા જામનગર કચ્છ બનાસકાંઠા સાબરકાંઠા અરવલ્લી મહીસાગર છોટાઉદેપુર તાપી નર્મદા ડાંગમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. 8 એપ્રિલ બાદ 2 થી 3 ડીગ્રી તાપમાનમાં વધારો થશે જેને કારણે ગરમીમાં વધારો થવાની શક્યતા છે જોકે આગામી આઠમી એપ્રિલ પછી વરસાદની સંભાવના નહિવત છે.

બાઇટ- રામાશ્રય યાદવ , હવામાન શાસ્રી

# Selection at the national level

મહેસાણાના  બેડમિન્ટનના બે મહિલા  ખેલાડીની સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયામાં રાષ્ટ્રીય સ્તરે પસંદગી કરાઇ છે. 17 વર્ષથી ઓછી વયના બેડમિન્ટન વિભાગમાં મહેસાણાના નિત્યા કોટાઈ અને દિવ્યા પાનીકર 16 મી એપ્રિલે  નવીદિલ્હીમાં યોજાનાર  69 મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં  ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# ZAFRBAD BOT

જાફરાબાદમાં માછીમારો દ્વારા વર્ષો જૂની પરંપરા મુજબ દરિયાદેવનું વિશેષ પૂજન કરીને નાની બોટો અર્પણ કરવામાં આવી. પરિવારના સભ્યોના રક્ષણ અને રોજીરોટી માટે બહેનોએ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે 400થી 500 જેટલી નાની બોટો દરિયામાં અર્પણ કરવામાં આવી હતી.

આ બોટો મોટી બોટના માલિકો દ્વારા પંદરથી વીસ દિવસ અગાઉથી જ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવે છે. એક બોટની અંદાજિત કિંમત 1500 થી 2 હજાર રૂપિયા હોય છે. આ પરંપરા માત્ર શ્રદ્ધા જ નહીં, પરંતુ દરિયાકાંઠાના જીવન સાથે જોડાયેલો એક અનોખો સાંસ્કૃતિક વારસો પણ છે.